લાલગેટ પો.સ્ટે. વિસ્તારમાં લુંટના ઈરાદે મહિલાની હત્યાના વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલી, આરોપીઓને ઝડપી પાડતી
સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ.

સુરત શહેરના લાલગેટ પો.સ્ટે. વિસ્તારમાં તા:૦૭/૦૨/૧૯ ના રોજ કાકરા શેરી સૈયદપુરા ઘર નં.૭/૨૦૪૧ માં રહેતી સ્ત્રી રહેમત ઉર્ફે રેશમા કૃષ્ણકાંત શાસ્રીની કોઈ અજાણ્યા ઈસમોએ ગળાના ભાગે કોઈ તિક્ષ્ણ હથિયાર વડે ઈજા કરી હત્યા કરેલ જે અંગેનો ગુન્હો લાલગેટ પો.સ્ટે. । ગુ.ર.નં.૧૩/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબ ગુન્હો નોધવામાં આવેલ સદર ગુન્હો અનડીટેક્ટ હોય, જેની તપાસમાં સુરત શહેર ક્રાઈમ બ્રાંચના પો.સ.ઈ.શ્રી.વી.વી.ભોલા તથા પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી, બનાવવાળી જગ્યાથી આસપાસના ૨૦૦ થી વધારે સીસીટીવી ફુટેજ ચેક કરી તેમાંથી શંકાસ્પદ ઈસમોને અલગ તારવી તેઓને શોધવાની કામગીરી હાથ ધરવામાં આવેલ દરમ્યાન બાતમીની હકિકત મળતા આરોપી (૧) મો.અહેમદ ઉર્ફે બીસ્મીલ્લાહ ઉર્ફે બીસુ મહેબુબ આલમ ખાન ઉવ-૨૮ રહે-પંડોળ જી.આઈ.ડી.સી.સુરત મુળ રહે-ગામ-સરહી થાના-ખલીલાબાદ જી-સંતકબીરનગર (યુ.પી) તથા (૨)સાહીલ અસરફઅલી અંસારી ઉ.વ.૧૯ રહે.પંડોળ જી.આઈ.ડી.સી., સુરત મુળ રહે-ગામ-દુઆરા થાના-બહારી જી-સીધી (યુ.પી) નાઓને તેઓના વતન ખલીલાબાદ ખાતેથી ઝડપી પાડી પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે તેઓ બે માસથી સુરત શહેર નોકરી અર્થે આવેલ હતા અને તા.૦૬/૦૨/૧૯ ના રોજ રાત્રીના સમયે પકડાયેલ બન્ને આરોપી તથા નાસતો ફરતો આરોપી નફીસ સીદ્દીકી પંડોળ જી.આઈ.ડી.સી.માં ભેગા થયેલ અને મરણ જનારના ઘરે લુંટ કરવાથી ઘણા બધા રૂપિયા તથા દાગીના મળે તેમ હોઈ તેના ઘરે રાત્રીના મોડા જઈ તેની પાસેથી રૂપિયા તથા દાગીનાની લુંટ કરવાનું નક્કી કરેલ અને યોજના મુજબ મરણ જનારના ઘરે જઈ લુંટ કરવા જતા મરણ જનાર મહિલાએ તેઓનો પ્રતિકાર કરતા તેઓના પાસેની કટર બ્લેડથી મરણ જનાર મહિલાના ગળાના ભાગે ઘા મારી રોકડા રૂપિયા તથા મરણ જનારે પહેરેલ ચાંદીની પાયલની લુંટ કરી, તેઓના વતનમાં નાશી ગયેલ હોવાની કબુલાત કરેલ જે ઉપરોકત ગુન્હો વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.